# શહેરમાં એક જ દિવસમાં પારો ચાર ડિગ્રી ગગડ્યો

**ઉત્તર ભારતમાં થઈ રહેલી સતત હીમવર્ષાને પગલે શહેરમાં ફરી ઠંડીનું મોજુ**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં ફરી ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. એક જ દિવસમાં તાપમાન ચાર ડિગ્રી જેટલુ ગગડતાં વસાહતીઓ આકરી ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યાં છે. લઘુત્તમ તાપમાન ૮.૮ ડિગ્રી જેટલુ નોંધાયુ છે.



ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી ભારે હીમવર્ષા થઈ રહી છે. પર્વતીય વિસ્તારો આકરી ઠંડીનો સામનો કરી રહ્યાં છે. ઉત્તર ભારતમાં પલ્ટાયેલા વાતાવરણની સીધી અસર શહેરના વાતાવરણ પર થઈ રહી છે. છેલ્લા બે દિવસથી પુનઃ શહેરનું તાપમાન ગગડતુ જાય છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૨૯.૮ ડિ.સે. રહ્યું હતું. આખો દિવસ ઠંડો પવન ફુંકાયા બાદ રાત્રે ઠંડી વધતી ચાલી હતી. વહેલી સવારે પણ ઠંડીની અસર રહેતા શાળાઓ જતાં બાળકો હેરાન પરેશાન થયા હતા.

હજુ ત્રણ-ચાર દિવસ પહેલાં તાપમાન ઉંચકાતા એવુ લાગતુ હતુ કે હવે થોડાક દિવસમાં સિઝન બદલાઈ જશે અને ઉનાળાના પગરણ મંડાશે પરંતુ પુનઃ ઠંડીનું તીવ્ર મોજુ ફરી વળતાં વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. લઘુત્તમ તાપમાન જે ૧૧.૪ ડિ.સે. હતુ તે એક જ દિવસમાં સડસડાટ ઘટી ગયુ હતુ અને પારો ૮.૮ ડિ.સે. પર જઈને અટક્યો હતો.

મહત્તમ તાપમાન પણ ૨૫.૬ ડિ.સે. જેટલુ રહેતા વસાહતીઓને દિવસ દરમ્યાન પણ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવુ પડ્યુ હતુ. જમ્મુ-કાશ્મીર અને ઉત્તર ભારતના અન્ય પર્વતીય વિસ્તારોમાં હજુ સતત હીમવર્ષા થઈ રહી છે. આગામી દિવસોમાં જો હીમવર્ષા બંધ નહી થાય તો ગાંધીનગરમાં પણ આકરી ઠંડી અનુભવાશે.

# લોકરક્ષકની ભરતીમાં ખાસ બસ સેવા અન્વયે ડેપોને ૮.૫૦ લાખની આવક

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર એસ ટી ડેપોએ લોકરક્ષકની પરીક્ષાને અનુલક્ષીને ઉમેદવારો માટે વિશેષ બસ સેવાનુ આયોજન કર્યુ હતુ. જયારે આ પરીક્ષાને અનુલક્ષી ગાંધીનગર ડેપોએ ૧૬૦ જેટલી ટ્રીપોનુ સંચાલન કર્યુ હતુ. જેના અંતે એસ ટી ડેપોએ રૂ ૮.૫૦ લાખની આવક મેળવી છે.

એસ ટી નિગમ દ્વારા રૂટીન બસે સેવા ઉપરાંત વધારાની બસોની ટ્રીપ દોડાવાનુ આયોજન પણ કરવામાં આવે છે. લગ્નવર્ધિ તેમજ મુસાફર પાસ યોજના તેમજ અન્ય સરકારી કાર્યક્રમો માટે પણ બસો દોડવાય છે. લોકરક્ષકની પરીક્ષાને અનુલક્ષી એસ ટી ડેપો દ્વારા ઉમેદવારોને સમયસર પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવા માટે ખાસ બસ સેવાનુ આયોજન કરવામાં

● અનુસંધાન પાના ૭ પર




**વડનગરા નાગર - ઉઠમણું**

અમારા પૂજ્ય માતૃશ્રી

**પ્રતિમાબેન જિતેન્દ્રભાઈ પંડ્યા**

તા. ૧૮-૧-૨૦૧૯ને શુક્રવારના રોજ અવસાન પામ્યા છે. સદ્‌ગતનું **ઉઠમણું** તા. ૨૬-૧-૨૦૧૯ને શનિવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ૧૮/એ, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કોલેજની પાછળ, આઝાદ સોસાયટી રોડ, અમદાવાદ-૧૫. મો. : ૯૮૨૪૪ ૫૯૩૭૩

પરાગ જે. પંડ્યા — સુકેતુ જે. પંડ્યા

મીનળ પરાગભાઈ પંડ્યા — અમીતા સુકેતુભાઈ પંડ્યા

ડો. મીરા માંકડ પરીવાર


# આજે રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવાશે

**ગાંધીનગરને ત્રણ એવોર્ડ : બેસ્ટ મતદાર નોંધણી અધિકારી તરીકે નેહાકુમારી; બેસ્ટ કેમ્પસ ડાયરેક્ટર તરીકે ભાનુપ્રસાદ સોલંકી અને ફોક આર્ટમાં મહેન્દ્રસિંહ બામણિયાની પસંદગી**

ગાંધીનગર, તા. ૨૪

આજે મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી રાજ્યના રાજ્યપાલ શ્રી મહામહીમ ઓ.પી. કોહલીની ઉપસ્થિતિમાં યોજાશે.

ચૂંટણી પંચની સ્થાપનાના દિવસને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી નિમિત્તે બેસ્ટ જિલ્લા ચૂંટણી અધિકારી, બેસ્ટ મતદાર નોંધણી અધિકારી, બેસ્ટ ના. જિલ્લા ચૂંટણી અધિકારી, બેસ્ટ કેમ્પસ એમ્બેસેડર તેમજ મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં યોજાયેલ સ્પર્ધામાં વિજેતા થયેલાઓને ઈનામો અને પ્રમાણપત્રો એનાયત કરવામાં





આવશે. આ ઉજવણીમાં મતદાન અવશ્ય કરીશ તે માટેની પ્રતિજ્ઞાનું વાંચન પણ થશે.

મળતી વિગતો પ્રમાણે બેસ્ટ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે સાબરકાંઠા કલેક્ટર પ્રવિણા ડી. કે., નવસારી કલેક્ટર ડૉ. એમ.ડી. મોડિયા, પાટણ કલેક્ટર આનંદ પટેલ તેમજ તાપી કલેક્ટર એન.કે. ડામોરની પસંદગી કરવામાં આવી છે.

બેસ્ટ મતદાર નોંધણી અધિકારી તરીકે કલોલ પ્રાંત અધિકારી અને અધિક કલેક્ટર નેહાકુમારીની પસંદગી થઈ છે. આ ઉપરાંત બેસ્ટ કેમ્પસ ડાયરેક્ટર તરીકે દહેગામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થી ભાનુપ્રસાદ સોલંકીની પસંદગી થઈ છે.

યોજાયેલ વિવિધ સ્પર્ધામાં ગાંધીનગર સે. ૨૮ના બામણિયા મહેન્દ્રસિંહ મગનસિંહની પસંદગી થઈ છે. આમ આજે રાષ્ટ્રીય મતદાતા દિવસે ગાંધીનગર જિલ્લાને ફાળે ત્રણ એવોર્ડ આવતાં જિલ્લાતંત્રમાં ખુશીનો માહોલ છવાયેલો છે.

## સે. ૨૪માં ઝાડા ઉલ્ટીના કેસો

ગાંધીનગર શહેરના સે. ૨૪માં ઝાડા-ઉલ્ટીના ૨૦થી વધુ કેસ આજે નોંધાયા છે. આ કેસોને પગલે શહેરી આરોગ્યતંત્રમાં દોડધામ મચી જવા પામી છે. ઝાડા-ઉલ્ટીનું મુખ્ય કારણ દુષિત પાણી હોવાનુંમનાઈ રહ્યુંછે. ઈન્દિરાનગર અને શ્રીનગર વસાહતમાં આજે સવારથી જ રહીશો પેટમાં દુઃખાવા અને ઝાડા-ઉલ્ટીની ફરિયાદો સાથે સે. ૨૪ના અર્બન હેલ્થ સેન્ટરમાં પહોંચ્યા હતા.

એક પણ દર્દીને સારવાર માટે દાખલ કરવામાં આવેલ નથી. પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. પાણી માટે ક્લોરીનની ટીકડીનું વિતરણ તેમજ પાણી ઉકાળીને પીવા માટે અને સર્વેલન્સની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

# રીલાયન્સ ચોકડીથી ઈન્ફોસીટી માર્ગનુ વાઈડનીંગ કામ શરૂ

ગાંધીનગર તા ૨૪

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગ સુધારણાના કામો તેજ ગતિએ હાથ ધરાયા હતા. જયારે માર્ગોની સુધારણા સહીત બ્યુટીફિકેશનની કામગીરી તરફ પણ તંત્રએ વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ. હાલ વાઈબ્રન્ટ સમિટના અંતે હવે બાકી રહેતા કામો પુર્ણ કરવા માટે આયોજન કરાયુ છે. જેમાં રીલાયન્સ ચોકડીથી ઈન્ફોસીટી તરફ જવાના માર્ગનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ક માર્ગની સુધારણાને અનુલક્ષીને પણ ટુંકમાં કામગીરી હાથ ધરવામાં આવશે.

રીલાયન્સ ચોકડીથી ઈન્ફોસીટી માર્ગના વાઈડનીંગનુ કામ હાથ ધરાયુ છે.જયારે આ અન્વયે આ માર્ગને ૭ માંથી ૧૦ મીટર પહોળો કરવામાં આવી રહ્યો છે. આ માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધતા વાઈડનીંગની કામગીરી ટુંકમાં પુર્ણ કરી દેવાશે. જયારે વાઈબ્રન્ટ દરમિયાન બાકી રહેતા માર્ગ સુધારણાના કામો પણ ટુંકમાં હવે હાથ ધરાશે. જે મુજબ ક

● અનુસંધાન પાના ૭ પર

# મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ગાંધીનગર(ઉ)ના ૧૦ કરોડના કામો મંજૂર

ગાંધીનગર, તા. ૨૪

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના ૧૦.૯૨ કરોડના કામોને રાજ્યના માર્ગ મકાન મંત્રી નીતિન પટેલે મંજૂરી આપી જોબ નંબર ફાળવી આપ્યા છે.

આ યોજના અંતર્ગત ૧૧ જેટલા ગામોના નાળિયાના માટીકામ, મેટલકામ તેમજ ડામરકામો મંજૂર કરવામાં આવ્યા છે. આ ૧૧ ગામોના રસ્તાની લંબાઈ ૧૯ કિ.મી. છે અને તેની પાછળ રૂ. ૯ કરોડ ૮૯ લાખનો ખર્ચ થશે.

આ ઉપરાંત મુખ્ય જિલ્લા માર્ગ કક્ષામાં પિપલજ એપ્રોચ રોડના ૨.૪૦ કિ.મી.ના માર્ગના રિસરફેસીંગ કામને પણ મંજૂરી આપવામાં આવી છે જેની પાછળ રૂ. ૭૨ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. ડૉ. ચાવડાના જણાવ્યા પ્રમાણે કોલવડા પટેલ ભાગોળથી દરબાર ભાગોળ વચ્ચેના માર્ગનુ રિસરફેસીંગ પણ રૂ. ૨૫ લાખના ખર્ચે કરવામાં આવશે.


# આજે કડી કેમ્પસથી ૫૫૦ ફુટ લાંબા ત્રિરંગા સાથે ભવ્ય શોર્યયાત્રા નિકળશે

**યુવાનોમાં દેશપ્રેમની ભાવના વધુ મજબુત બને તેવા આશયથી ભવ્ય ત્રિરંગા યાત્રાને સવારે ૧૦ કલાકે સે-૨૩ સ્થિત કડી કેમ્પસ ખાતેથી પ્રસ્થાન કરાવાશે**

ગાંધીનગર તા ૨૪

શહીદોની શહાદતને યાદ કરીને સે -૨૩ સ્થિત કડી કેમ્પસ ખાતેથી આજે સવારે ૧૦ કલાકે શોર્ય યાત્રા નિકળશે. આ શોર્યયાત્રામાં ૫૫૦ ફુટની લંબાઈ અને ૧૦૦ ફુટની પહોળાઈ ધરાવતા ત્રિરંગા સાથે ૩ હજાર વિદ્યાર્થીઓ જોડાશે. પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ત્રિરંગા સાથે નિકળાનારી આ શોર્ય યાત્રાના માધ્યમથી વિદ્યાર્થી માનસમાં દેશભક્તિની ભાવના વધુ મજબુત બનશે.

આજના યુવાનોમાં દેશપ્રેમ જાગે અને રાષ્ટ્ર નિર્માણની પ્રવૃતિ માટે પ્રોત્સાહીત થાય તેવા આશય સાથે પ્રજાસત્તાક દિવસ નિમિત્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સે-૨૩ સ્થિત કડી કેમ્પસના ગેટ નં-૮ થી સવારે ૧૦ કલાકે અનોખી શોર્ય યાત્રાનુ પ્રસ્થાન થશે. સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ એમ પટેલ, પ્રમુખ કનુભાઈ પટેલ , કેમ્પસ ડાયરેકટર , સંસ્થાના વિભાગીય ડીન, આચાર્યના હસ્તે ત્રિરંગા અને ફુગ્ગા સાથે લીલી ઝંડી આપી ભવ્ય શોર્યયાત્રાનુ પ્રસ્થાન કરાશે. ૫૫૦ ફુટની લંબાઈ અને ૧૦ ફુટની પહોળાઈ સાથે ૧૦૦ કીલોનુ વજન ધરાવતા ત્રિરંગાની સાથે સંસ્થાના ૩ હજાર વિદ્યાર્થીઓ યાત્રામાં જોડાશે. સંસ્થાના ગેટ નં-૮ થી આ શૌર્ય યાત્રા ઘ-૫ તરફ આગળ વધશે. ઘ-૫ થી ઘ-૪ તરફ આગળ વધશે ત્યારબાદ આ શોર્ય યાત્રા મહાત્મા મંદિર થઈને ખ-૫ થઈને અને એલ ડી આર પી કેમ્પસ પહોંચશે. આ પ્રજાસત્તાક દિવસને અનુલક્ષી નિકળનારી ભવ્ય ત્રિરંગા યાત્રામાં સ્થાનિક નગરજનોને જોડાવવા માટે સંસ્થાએ અપીલ કરી છે.



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com